# ભારતમાં બળાત્કારની ઘટનાઓમાં કેમ વધારો જોવા મળે છે

છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં બળાત્કારની ઘટનાઓમાં ખૂબ જ વધારો જોવા મળે છે. ફાંસી આપવા સુધીનો કાયદો છે, ફાંસી પણ અપાય છે, છતાં આ બનાવો અટકતાં નથી. ત્યારે પ્રશ્ન એ થાય કે, ભારતીય સમાજ કે જે મૂલ્યોથી વરેલો છે, આપણી સંસ્કૃતિથી આપણે ગૌરવ અનુભવીયે છીએ, છતાં પણ તેને અવગણીને બળાત્કારની ઘટનાઓ કેમ બનતી જ રહે છે? તેની પાછળના કારણો જાણીશું તો તેના ઉપાયો પણ મળશે.

ભારતમાં બળાત્કાર અટકાવવા, અપરાધ કરવા ઈચ્છતા વ્યક્તિમાં ડર પેદા કરવા માટે ખૂબ જ કડક કાયદો બનાવવામાં આવ્યો છે. જેમાં સ્ત્રી કે છોકરી જયારે ફરિયાદ કરે છે ત્યારે તેની વાત સાચી માનીને તરત જ આરોપી પર કડક કાર્યવાહી કરવામાં આવે છે. જેનો દૂરોપયોગ પણ થઇ રહ્યો છે. આજે ભારતમાં દર ૧૭ મિનિટે બળાત્કારની એક ઘટના બને છે. હકીકતમાં તે નોધાતી ફરિયાદો છે. જેમાં ઘણી ફરિયાદો વેર ભાવનાથી બદલો લેવાના ઈરાદે કરેલી ખોટી ફરિયાદો પણ હોય છે. સમાચાર પત્રોમાં ઘણીવાર વાંચવા મળે કે, લગ્નની લાલચ આપીને વારંવાર બળાત્કાર કર્યો. ક્યારેક સાંભળવા મળે કે, ધાકધમકી આપીને હોટલમાં લઇ જઈને બળાત્કાર કર્યો, તો ક્યારેક વાંચવા મળે કે, ફોસલાવીને અનેકવાર દુષ્કૃત્ય કર્યું વગેરે. હકીકતમાં મનમેળાપ હોય ત્યાં સુધી સ્ત્રીપુરુષ બંને પોતાની ઈચ્છાથી વારંવાર મળતા હોય છે, પણ જયારે કોઈ બાબતમાં મતભેદ પડે કે સંબંધો બગડે ત્યારે પુરુષ વિરુદ્ધ ખોટી ફરિયાદ કરવામાં આવે છે. આવી અનેક ફરિયાદો આજે પોલીસના ચોપડામાં નોધાયેલ છે. છતાં, એક બાબત કબૂલવી જ પડે કે, ભારતમાં બળાત્કારની ઘટનાઓ બંધ નથી થતી, તેમાં પણ સામૂહિક ગેંગ રેપ, ખૂબ જ નાની ઉંમરની છોકરી પર બળાત્કાર, રેપ કર્યા પછી શારીરિક ઈજા કે ખૂન, પરિચિત વ્યક્તિ દ્વારા જ બળાત્કાર વગેરે. આવી ઘટનાઓ દિલને ધ્રુજાવી દે છે. તો બળાત્કારની વ્યાખ્યામાં લઇ શકાય તેવી આ ઘટનાઓ કડક કાયદો હોવા છતાં કેમ અટકતી નથી ? બળાત્કાર પર થયેલ સંશોધનો અને કરેલ શિક્ષામાં માત્ર પુરુષને જ અપરાધી ગણવામાં આવ્યા છે ! નહિ નોધાયેલ ઘટનામાં એવું પણ જાણવા મળે છે કે, ક્યારેક સ્ત્રીઓ દ્વારા પણ દબાણ કરીને કે બદનામ કરવાની ધમકી આપીને કે ખોટી ફરિયાદ કરીને પુરુષો પાસે પૈસા પડાવ્યા છે કે, ધાર્યા કામ કરાવ્યા છે. કેટલાક વર્ષો પૂર્વે સ્ત્રી પર પુરુષ દ્વારા થતા અત્યાચારને જ બળાત્કાર ગણવામાં આવતો હતો. પણ સમય અને ઘટનાઓ બદલવાથી હવે સ્ત્રી દ્વારા પુરુષ પર કે પુરુષ દ્વારા સ્ત્રી પરના અત્યાચારને બળાત્કાર ગણવામાં આવે છે. બળાત્કાર એ જાતીય જબરદસ્તીનું આક્રમક સ્વરૂપ છે,બળાત્કારનું ધ્યેય જાતીય અધિકાર છે

બળાત્કારના કેટલાક કિસ્સામાં બળાત્કાર કરવાનું કારણ વાસના સંતોષવા કરતાં પીડિતને અપમાનિત કરવા કે નુકસાન પહોંચાડવાનું હોય છે. જેમાં બળાત્કારી શારિરીક હિંસા અને અપવિત્ર ભાષા દ્વારા પીડિત પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરે છે. જેમાં બળાત્કાર એ પીડિતાને અશુદ્ધ કરવા અને અપમાનિત કરવા માટેનું એક શસ્ત્ર છે . બળાત્કાર દરમિયાન વધુ શારીરિક શક્તિનો ઉપયોગ ભોગ બનનાર પર કાબૂ મેળવવા કરવામાં આવે છે. આ પ્રકારનો ગુનેગાર ભોગ બનનારને પકડીને , ત્રાટકીને અને તેમને માર મારતો હોય છે, તેના કપડા ફાડી નાખે છે અને બળાત્કાર ગુજારતો હોય છે. બળાત્કારના અન્ય કિસ્સામાં બળાત્કાર કરનાર પોતાની અપૂર્ણતાને છૂપાવીને અપરાધ કરીને સાબિત કરવા માંગે છે કે, તે શક્તિશાળી છે. બળાત્કારીનો ઉદ્દેશ તેની યોગ્યતાને આગળ વધારવાનો છે. બળાત્કારીઓ મૌખિક કે હથિયારથી ધમકી આપીને પીડિતને વશ કરવા માટે જરૂરી માત્રામાં જ બળનો ઉપયોગ કરે છે. તેઓ

કલ્પના કરે છે કે, પીડિતા શરૂઆતમાં તેમનો પ્રતિકાર કરશે, પણ પછી સહમત થઇ જશે. અને ભવિષ્યમાં એ જયારે જયારે બોલાવશે ત્યારે આવશે. આ માત્ર બળાત્કારીનો કાલ્પનિક વિચાર હોય છે. જેથી ગુન્હાનું પુનરાવર્તન થાય છે. બળાત્કારના કેટલાક કિસ્સા ડ્રગ્સને કારણે થાય છે. તેમાં બળાત્કારીએ નશીલા પદાર્થ ખાસ કરીને દારૂનો ઉપયોગ કરેલો હોય છે. તેણે પોતાની વિવેકબુદ્ધિ ગુમાવી દીધી હોય છે અને વધુ પ્રમાણમાં ઉત્તેજિત હોય છે. જે અસામાજિક વર્તન માટેની તક પૂરી પાડે છે. લોકો નશામાં હોય ત્યારે હિંસક વર્તન કરે તેવી સંભાવના છે કારણ કે તેઓ વિચારતા નથી કે તેઓ તેમના વર્તન માટે જવાબદાર રહેશે. કેટલાક સમાજમાં ગરીબો પર ધનાઢ્ય લોકોનું વર્ચસ્વ હોય છે. જ્યાં ગરીબ મહિલાઓ મૌન ધારણ કરીને ધનાઢ્ય લોકોના વશમાં આવી જાય છે. ગરીબ મહિલા પર વારંવાર બળાત્કાર થતો હોય છે. બળાત્કારના કેટલાક કિસ્સાઓમાં સૈનિકો પણ સંકળાયેલ જોવા મળે છે. શરણાર્થીઓ અને આંતરિક રીતે વિસ્થાપિત લોકો કે જેઓ યુદ્ધ અને મોટી આપત્તિઓ દરમિયાન પોતાના ઘેરથી ભાગી જાય છે તેઓ સાથે પણ જાતીય દુર્વ્યવહાર થાય છે.

ઉપરોક્ત વાત બળાત્કારીની માનસિકતાની હતી. પણ ભારતમાં જે બનાવો વધી રહ્યા છે તેમાં તે કારણો તો છે જ પણ સાથે આપણી સામાજિક, રાજકીય અને વહીવટી વ્યવસ્થા પણ સંકળાયેલ છે. બળાત્કાર એ બિનજામીનપાત્ર ગુનો છે. આમછતાં પુરાવાના અભાવને કારણે ઘણાં લોકોને જામીન મળે છે. આરોપીઓને ઘણીવાર પોલીસ, રાજકારણીઓ, સમાજના અગ્રણીઓ અથવા વકીલો દ્વારા મદદ કરવામાં આવે છે. બળાત્કાર એ માત્ર કાનૂની કે શારીરિક મુદ્દો નથી, તેના સામાજિક અને માનસિક પાસાંને અવગણી શકાય નહિ. .

ભારતમાં આજે પણ સમાજ પિતૃસત્તાક છે, જે પુરુષોને વધારે મહત્વ આપે છે. સ્ત્રીઓને સામાન્ય રીતે બીજા વર્ગના નાગરિક માનવામાં આવે છે. છોકરીની ઇચ્છાઓ અને તેના મંતવ્યો છોકરાની જેમ મહત્ત્વના માનવામાં આવતાં નથી. સ્ત્રી શરૂઆતથી જ આધીન રહેવાનું શીખે છે , એવા પુરાવા મળ્યા છે જે સૂચવે છે કે,જે ઘરમાં પતિનું પત્ની પર વર્ચસ્વ હોય, પતિ એ પત્નીને મારઝૂડ કરતો હોય, જે કુટુંબમાં છોકરી કરતા છોકરાને વધુ મહત્વ અપાતું હોય, નાની નાની બાબતોમાં છોકરીને દબાવવામાં આવતી હોય અને છોકરાનો બચાવ કરવામાં આવતો હોય, તેવા કુટુંબમાં ઉછરેલ બાળકો મોટા થઈને સ્ત્રીઓ સાથે જબરદસ્તી વધુ કરે છે. યુનિસેફના ૨૦૧૨ ના અહેવાલમાં જાણવા મળ્યું છે કે , ભારતીય ૧૫ થી ૧૯ વર્ષની વયના ૧૫.૫૭ ટકા છોકરાઓ અને ૫૩ ટકા છોકરીઓ, માને છે કે પત્નીને માર મારવી એ યોગ્ય છે. રાષ્ટ્રીય કુટુંબ-સ્વાસ્થ્ય સર્વેક્ષણ ના અહેવાલમાં કહેવાયું છે કે, સ્ત્રીઓની એક મોટી ટકાવારી તેમના પતિ દ્વારા કરવામાં આવતી મારપીટ માટે પોતાને દોષી ઠેરવે છે. છોકરીઓ અને સ્ત્રીઓ સામે હિંસા સામાન્ય રીતે તેમના નજીકના આસપાસના વિસ્તારમાં થાય છે. ભારતમાં તમામ બળાત્કારોમાં ૧૩% બળાત્કાર જાણીતા લોકો દ્વારા કરવામાં આવે છે. જેમાં કુટુંબના સભ્યો , મિત્રો, પડોશીઓ, નોકરીદાતાઓ અને ઓનલાઈન મિત્રો પણ હોઈ શકે છે.

ભારતમાં પુરુષ પોલીસ કરતાં મહિલા પોલીસની સંખ્યા ખૂબ જ ઓછી છે. જો મહિલા પોલીસ અધિકારીઓ ઉપલબ્ધ હોય તો મહિલાઓ જાતીય અપરાધની જાણ સરળતાથી કરે છે. પીડિત મહિલા પુરૂષ પોલીસ સાથે બળાત્કારના આરોપોની ચર્ચા કરવાનું પસંદ કરતી નથી. ઘણીવાર પોલીસ દ્વારા એવી માહિતી માંગવામાં આવે છે કે પ્રશ્નો પૂછવામાં આવે છે કે જે આપવું પીડિત મહિલાને પસંદ નથી હોતું. ભારતમાં આશરે દર ૨૦૦ નાગરિકો માટે એક પોલીસ અધિકારી હોય છે. જયારે રાજકારણીઓ, વરિષ્ઠ અમલદારો, રાજદ્વારીઓ કે અન્ય વીઆઈપીની સુરક્ષા સેવાઓ પૂરી પાડવા માટે એક વ્યક્તિ દીઠ

લગભગ 20 અધિકારીઓ હોય છે! ભારતમાં ન્યાયાધીશોના 1996ના સર્વેક્ષણમાં 68 ટકા લોકોએ કહ્યું હતું કે ઉશ્કેરણીજનક વસ્ત્રો એ બળાત્કારનું આમંત્રણ છે. ગેંગ-રેપની એક ઘટનાના જવાબમાં એક ધારાસભ્યએ જાતીય સતામણીના વધેલા કેસો ને કારણે શાળાઓમાં છોકરીઓ માટે ગણવેશ તરીકે સ્કર્ટ પર પ્રતિબંધ મૂકવાનું સૂચન કર્યું હતું. ભારતમાં આજે પણ બળાત્કારનો ભોગ બનેલ પીડિતાને ખરાબ દ્રષ્ટિથી જોવામાં આવે છે. પુરુષ અને સ્ત્રીમાંથી સ્ત્રીને વધુ દોષિત માનવામાં આવે છે. કે તે શા માટે બહાર ગઈ. તેને આમ કેમ કર્યું કે ના કર્યું? તેના વર્તન, શબ્દો કે પહેરવેશને દોષિત માનવામાં આવે છે. કેટલાક સમાજમાં પીડિતાને આરોપી સાથે લગ્ન કરવા અથવા તો અન્ય રીતે સમાધાન કરવા માટે દબાણ કરવામાં આવે છે.

ન્યાયાધીશોની અછતને કારણે, ભારતની કોર્ટ સિસ્ટમ ધીમી છે. દેશમાં દર 1 મિલિયન લોકો માટે આશરે 15 ન્યાયાધીશો છે, આમ કોર્ટ દ્વારા ન્યાય મળવામાં વિલંબ, કોર્ટમાં વકીલો દ્વારા અને કોર્ટ બહાર પીડિતા કે તેના કુટુંબ પર થતા પ્રશ્નોનો મારો વગેરેને કારણે ક્યારેક ફરિયાદો ઓછી થાય છે.

**અશોકી** : બળાત્કાર એ માત્ર શરીક ઘટના નથી, તે માનસિક પણ છે. આપણે મહિલાઓને શીખવીએ છીએ કે બચાવ કેવી રીતે કરવો, પણ પુરુષોને બળાત્કાર ન કરવાનું શીખવતા નથી. જેમકે, સ્ત્રી એકલી હોય તો એ તક નથી, પણ જવાબદારી છે.